R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 55 Issue No. 8

November - 2012

માણસ સૌના પરિચયમાં આવે છે પણ પોતાના પરિચયમાં રહેતો નથી અને એટલે જ એ પોતાની જાતને ઉજવતો નથી ને સુખ માણી શકતો નથી. આવો, આ નવા વર્ષની નવલી સવારે આપણે સૌ સાથે મળી દિવાળીના આ શુભ પર્વે આપણી જાતને ઉજવીએ. માલિક કે ગુલામ એવા સ્વ-પ્રેમમાંથી સર્વ તરફ વળીએ. આ સ્વમાંથી જ સ્વજનો થતાં હોય છે, ને સ્વજનોના વિકસતા વર્તુળ સાથે આખો સંસાર વસુધૈવ કુટુંબકમ બની રહે અને સહુ સુખી થાય એવી દિલની પ્રાર્થના સાથે સહુને નવા વર્ષના સાલમુબારક.

Happy New Year

2nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# શિક્ષણ ક્ષેત્રની નવી યોજનાઓ

આપ સૌને વિદીત છે કે દિન પ્રતીદીન શૈક્ષણીક ક્ષેત્રે ખર્ચા વધતા જાય છે. સામાન્ય માનવીને ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થિત રીતે લેવામાં ખુબ મુશ્કેલી આવી રહી છે. આવી કારમી મોંઘવારીમાં આપણી અનેક સંસ્થાઓ આપણા સમાજના જરૂરીયાતવાળા કુટુંબોને અનેક પ્રકારની સહાય કરે છે. છતાંય ઉણપ વર્તાય છે.

હાલમાં સંસ્થા તરફથી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી), પુસ્તક યોજના ચાલુ છે જમાંથી વિદ્યાર્થી ભાઈ-બહેનો ની માંગને પુર્ણ રીતે સંતોષી શકાતી નથી. વિદ્યાર્થી ભાઈ-બહેનોની શૈક્ષણિક માંગને પહોંચી વળવા અમો આપ સમક્ષ નીચે મુજબની ત્રણ યોજના રજૂ કરીએ છીએ. જેનો આપ સૌ તરફથી યોગ્ય પ્રતિસાદ મળશે તેવી અપેક્ષા છે.

| | | |
|---|---|---|
| (1) | XI Standard to Graduation Text Book, Scheme | Rs. 7,50,000/- |
| (2) | Post Graduation Text Book Scheme | Rs. 7,50,000/- |
| (3) | Medical & Engineering Text Book Scheme | Rs. 7,50,000/- |

પુસ્તકોના વધતા જતા ભાવો, પુસ્તકોની જુની આવૃતિના બદલે નવી આવૃતિઓ લેવાની પડતી ફરજો, વિદ્યાર્થી ભાઈ-બહેનોની સતત વધતી જતી માંગને કારણે ઉપરોક્ત યોજનાઓ. અમલમાં મુકવી આવશ્યક છે.

આપ સૌ ઉમદા દાતાઓને વિનંતી છે કે ઉપરોક્ત પુસ્તક યોજનાઓને સ્વીકારી સહકાર આપશો.

યાદ રહે વિદ્યાદાન સર્વ શ્રેષ્ઠ દાન છે.

**પ્રમુખ : કલ્પેશ સુરેશચંદ્ર ધારીઆ (બલબલ) - ફોન : ૯૮૨૦૧ ૮૩૯૦૭**

**મંત્રી : ભાવેશ બીપીનચંદ્ર મોદી (ઠાસરાવાળા) - ફોન : ૮૮૭૯૪ ૨૨૩૦૪**

# જ્યોતિ પુંજ


**વર્ષ** **અંક** **તારીખ**

૫૬ ૮ ૨૦-૧૧-૨૦૧૨

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## સાત જન્મનો સાથ કે.......

**તંત્રી સ્થાનેથી**

ભારત દેશના લોકોનો સૌથી મોટો દુશ્મન કોણ? પાકીસ્તાન, નેતાઓ, બ્યુરોક્રેટસ, પોલીસતંત્ર, ગુંડારાજ, ડ્રગ્સ, ધર્મગુરૂઓ આ બધાજ લોકોના દુશ્મન છે પરંતુ આપણા લેટેસ્ટ દુશ્મનો છે એકતા કપુર જેવા સિરિયલ પ્રોડયુસરો. આ લોકો સિરિયલો દ્વારા ભારતીય સંસ્કૃતિનો દાટ વાળવા બેઠા છે. જે વસ્તુ સામાન્ય ભારતીયના લોહીમાં નથી એને આ લોકોએ આપણા સૌના મનમાં ઠસાવી દેવાનું જાણે કાવતરું માંડયું છે. સ્ત્રી માં દ્વેષ, ઈર્ષા હોય છે પરંતુ એ સ્ત્રી સિરિયલો માં બતાવે છે એટલી હદ સુધી જઈને પોતાના સગાઓનું અહીત નથી કરતી. કોઈ સ્ત્રી કોક પુરુષ સામે બદલો લેવા એની સાથે લગ્ન કરે એ શું શક્ય છે ? કોઈ પણ માણસ પાંચ છ વખત મરી જાય ને પાછો જીવતો થાય. વિચારી પણ ના શકાય એવા ઘરના કાવાદાવા આ લોકોનાજ શેતાની દિમાગની ઉપજ છે. પોતાનાજ સગા માટે ભયંકર દ્વેષ અને બદલાની ભાવના શું આ બધુ સામાન્ય છે ? સૌથી વધારે સામાજીક પતન સિરિયલો દ્વારા દેખાડાતા લગ્ન બહારના સંબંધો. લગભગ દરેક પાત્ર માટે લગ્ન બહારના સંબંધો જાણે કે એક સહજ બાબત બનાવી દેવાઈ છે. લોકોના મનમાં ઠસાવી દેવામાં આવ્યું છે કે આ બધુ સામાન્ય છે. પહેલાં ગણ્યા ગાંઠયા લોકો આવા સંબંધો બાંધતા પરંતુ છાનું રાખતાં અને સમાજથી ગભરાતાં હવે જેને આ

બાબતોની ખબર ન હતી એ લોકોના મનમાં પણ આવી વસ્તુઓ હવે ઘર કરવા લાગી છે. અને જેઓ આવા સંબંધો ધરાવતા હતાં એ લોકો હવે આનો ખુલ્લે આમ એકરાર કરતાં થયાં છે. બાળકો અને યુવાનો આ સિરિયલો જોઈનેજ મોટા થાય છે તો એ લોકો માટે તો ભવિષ્યમાં આવા સંબંધો એક સહજ બાબત બની જવાની .ખેર એકતા કપુરને મારો ગોલી (મારી શકાય તો પહેલી ગોલી હું મારું) દરેક પુરુષ કે સ્ત્રીના મનમાં ક્યારેક ને ક્યારેક તો પોતાની પત્ની અથવા પતિ સિવાયની કોક વ્યક્તિ માટે *affair* કરવાનો વિચાર આવી જ જતો હોય છે. પુરુષ કે સ્ત્રીના મનનો તાગ મેળવવો ખુબ અઘરો છે પણ આજે પ્રયત્ન કરી જોઈએ.

માણસ જુવાન થાય અને જયારે સ્ત્રી માટે વિચારતો થાય અથવા તો ભાવિ પત્ની માટે, પોતાના જીવન સાથી માટે વિચારતો થાય ત્યારથી ધીરે ધીરે એના મનમાં એક સ્ત્રીનો આકાર ઘડાતો જાય છે. ત્યારે માણસ સ્વપ્નની દુનિયામાં જીવતો હોય છે. એટલે જે પણ સ્ત્રીને કે છોકરીને જુએ એનો એકાદ ગુણ એને ગમવા લાગે છે. અને આવા અલગ અલગ ગુણોને એની સ્વપ્નસુંદરીમાં સજાવી એ એક આદર્શ સ્ત્રીનું ચિત્ર મનમાં સજાવી લેતો હોય છે.

આમાંના થોડા ઘણા ગુણો પણ કોઈ છોકરીમાં જોવા મળે તો એનો ચહેરો એ પેલી સ્વપ્નસુંદરીના ચહેરા ઉપર મુકી એને જીવંત રૂપ આપે છે અને નસીબ હોય તો એને પોતાના પ્રેમમાં પાડી કદાચ લગ્ન સુધી પહોંચે છે.

બાકીના યુવાનો જે સ્વપ્નસુંદરીને ચહેરો આપવામાં નિષ્ફળ નીવડે છે તેઓ એરેન્જ મેરેજના ઈન્ટરવ્યુ દ્વારા ચહેરો શોધવા પ્રયત્ન કરે છે. અને થોડા ઘણા ફેરફારો સાથે બાંધછોડ સાથે સ્વપ્નસુંદરીને મેળવી લે છે.

આ બન્ને પ્રકારના યુવાનોના મનમાં ઉંડે ઉંડે થોડોક રંજ રહી જ જતો હોય છે કે બીજુ બધુ તો જાણે સમજયા પણ મારી પત્નીમા ફલાણા ગુણો હોય તો સારુ થાત.

લગ્ન જીવનના શરૂઆતના વર્ષો તો આકર્ષણમાં વીતી જાય છે પરંતુ જયારે પત્ની છોકરાઓમાં અને ઘરના કામકાજમાં ઓત પ્રોત થઈ જાય છે ત્યારે મનમાં રહેલો પેલો કીડો ફરી સળવળાટ કરવા માંડે છે. અને એમાં જો એવું એકાદ પાત્ર મળી જાય કે જેનામા પેલા પત્નીમાં રહી ગયેલા ગુણો હોય તો પછી માણસ માત્ર... એમ વિચારીને લગ્ન બહારના સંબંધો બાંધવા પ્રયત્ન કરવા લાગે છે.

લગ્ન પછી દરેક પતિને પોતાની પત્ની કરતાં બીજાની પત્ની વધુ સારી લાગે છે. મોટે ભાગે પતિ પત્નિના ઝગડાઓમાં પણ આ વાત જ થતી હોય કે ફલાણાના વાઈફ જો કેવી ફેશન કરે છે તું તો સાવ મણીબેન રહી પેલા ભાભી જો કેવા નવા નવા ક્લાસીસ કરીને નવું નવું શીખે છે. તું તો સાવ ઘરકુકડી જ રહેવાની.

કેટલાંક પુરુષો વળી *Extra marital affair* માં મહાનતા સમજે છે પરંતુ આ લોકો સ્ત્રીને એક રમકડું સમજતાં હોય છે એનો આદર નથી કરી શકતા એમને માટે સ્ત્રીએ મનોરંજનનું સાધન છે એક જીવંત સંવેદનશીલ પાત્ર નથી.

આવી જ ઘણી બધી લાગણીઓ સ્ત્રીઓને પણ

થતી હોય છે એમણે પણ યુવાનીમાં સ્વપ્નોનો રાજકુમાર સજાવ્યો હોય છે એમનો ભ્રમ પણ ભાંગતો હોય છે પરંતુ આપણા પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રી આ દિશામાં વધુ વિચાર કરવાનું ટાળે છે અને કુટુંબમાં, બાળકોમાં મન પરોવી વિચારોની દિશા બદલી નાખે છે.

બે પાંચ ટકા સ્ત્રીઓ મળે છે, કે જે પોતાના વિચારોને પતિ કરતાં વધુ મહત્વ આપી અપરણીત કે પરણીત પુરુષોને આકર્ષવા પ્રયત્ન કરે છે. કેટલીક સ્ત્રીઓ, પૈસાનો અને બીજા શોખ પોસવા આવા સંબંધો વિકસાવે છે પરંતુ આનું પ્રમાણ આપણે એક ટકાથી પણ ઓછુ મુકી શકીએ.

જો પતિ અને પત્ની લગ્નજીવનની શરૂઆતમાં જ એકબીજાની જરૂરિયાતો, પોતાનામાં રહેલી ખામીઓ સમજીને દૂર કરવા પ્રયત્ન કરે તો, આવી મુશ્કેલી ટાળી શકાય છે. મોટા ભાગના પુરુષોની ફરિયાદ એવી હોય છે કે પોતાની પત્ની એના વ્યવસાયમાં કે એના ફ્રેન્ડ સર્કલમાં શોભતી નથી કે પછી પોતાના જેટલી *IQ* નથી ધરાવતી, સ્ત્રીઓની સામાન્ય ફરિયાદ એવી હોય છે કે પતિ પોતાના વ્યવસાયમાંથી અને બીજી પ્રવૃત્તિઓમાંથી સમય કાઢતો નથી અને પોતાની અવગણના કરે છે. થોડીક બાંધ છોડ અને થોડુ વધુ ધ્યાન આ બાબતમાં આપવામાં આવે તો પતિ પત્ની વચ્ચેની દિવાલ વધુ જાડી થતી અટકાવી શકાય.

પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં લગ્ન જીવનના થોડા વર્ષો પછી લગ્ન વ્યવસ્થા આકરી લાગવા માંડે છે અને માણસ કુંવારાને સલાહ આપતો થઈ જાય છે ''ભાઈ કુંવારો છે ત્યાં સુધી સારું છે. સુખી છો લગ્ન કરવા જ ન જોઈએ'' વગેરે વગેરે પરંતુ આપણી સમાજ વ્યવસ્થામાં જે લગ્ન જીવનની વ્યવસ્થા અને મહત્વ છે એ સ્ત્રી અને પુરુષને લગભગ ૪૫-૫૦ વર્ષની ઉંમર પછી જ સમજાય છે. છોકરીઓ પરણીને સાસરે જાય, છોકરાઓ અને વહુ એના છોકરાઓમાં ખોવાઈ જાય, શરીર સાથ ન આપે ત્યારે જીવનસાથીની જરૂરિયાત, એનામાં રહેલો પ્રેમ, એની હુંફનું મહત્વ સમજાય છે.

માણસ લગ્ન બહારના સંબંધોથી કંટાળ્યો હોય, શારીરીક, માનસિક અને આર્થિક રીતે સંબંધો પોષાતા ન હોય ત્યારે માણસ થાકીને પોતાની પત્ની પાસે પાછો ફરે છે. અને ભારતીય સ્ત્રીની મહાનતા કહો કે આખી જીંદગી જેણે દુઃખ સિવાય કશું ના આપ્યું હોય એને પણ પ્રેમથી સ્વીકારે છે અને જુની વાતો ભુલી જઈને ફરીથી લગ્નજીવનની સંધ્યા ટાણે જીવન આકાશમાં નવા નવા રંગ પુરવા સજજ થઈ જાય છે. પરંતુ મનોમન તે પુરુષને ક્યારેય માફ નથી કરી શકતી. વિપિન પરીખની એક કવિતાથી આવી સ્ત્રીના દિલની મુંગી વ્યથા સાંભળીએ.

'તું કોઈ અમેરીકન પત્નીની જેમ મને છોડીને ચાલી તો ન ગઈ
તે મને અનેક માણસોની વચ્ચે વકીલોને સહારે
કોર્ટમાં બદનામ પણ ન કર્યો
ન તો ક્યારે આક્રોશ કર્યો, ન ફરિયાદ કરી.
માત્ર એક દિવસ વાત વાતમાં તું આટલું જ બોલી ગઈ
'આવતે ભવે પતિ તરીકે તમે તો નહી જ.'

નિખિલ પરીખ

❖❖❖

# ઓહ માય ગોડ

**- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

**નીરખને ગગન માં મુજને તો અહી ત્યાને બધે જ ત્યા હું છું.**
**મને ધારીલે મનમાં તો અહીં ત્યા ને બધે જ ત્યાં હું છું.**
**મને ચશમાની જેમ પહેરીને જોવાનું છોડી દો.**
**મને આંખોમાં કાજળ ની જેમ આંજીને જુઓ**
**અહીં ત્યાને બધેજ ત્યાં હું છું.**
**તને કોણે કીધું હું સરળતા થી નથી મળતો**
**પ્રવેશી જો કવન માં તો હૃદયમાં**
**અહીં ત્યા ને બધે જ ત્યાં હું છું !**

**- મનોજ ખંડેરિયા ...**

હમણા થોડા દિવસો અગાઉ મિત્રો જોડે 'ઓહ માય ગોડ' પિકચર જોવાનું થયું એના સર્જક શ્રી ઉમેશ શુક્લ, અક્ષય કુમાર અને પરેશ રાવલ ખરેખર અભિનંદન ને પાત્ર છે. એક સર્જક જો ધારે તો એની કલમ દ્વારા એની કૃતિ દ્વારા સમાજનો દ્રષ્ટિકોણ બદલી શકે છે. આપણા પર્સનલ વિચારો બદલવા આપણને વિચારતા કરી મૂકે છે. સાચે જ એક આંખ ઉઘાડનારો અનુભવ રહ્યો.

ઈશ્વરે માનવનું સર્જન કર્યુને માનવે ઈશ્વરની કલ્પના કરી. પોતાની અનુકુળતા મુજબ એને ધર્મને નામે મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારાઓમાં સ્થાપના કરી વહેંચી નાખ્યો આજકાલતો ધર્મને નામે, ભગવાનને મેળવી લેવાની જાણે કે એક આંધળી દોટજ મુકાઈ છે. પેલા લોકો લાલબાગમાં ૧૨ કલાક દર્શન કરી આવ્યા તો આપણે ૧૬ કલાક ઉભા રહયા. રવિવાર થી શનિવાર સુધીમાંતો શંકર ભગવાન, જલારામ બાપા, સાઈબાબા, સંતોષી માતાને હનુમાનજીના દર્શન તો આપણે કરવાજ રહ્યા. મંદિર, મસ્જીદ ને ગુરૂદ્વાર, ચર્ચ આગળ માણસોની કતારથી ગલીઓ ઉભરાઈ રહી છે. ગાલિબ લખે છે.

**'હમ ઈન્સાન હૈ, ઈન્સાન બનના ચાહતે હૈ**
**ક્યા બનાના ચાહતે થે ઔર ક્યા બના બૈઠે**
**કહીં પર મંદિરતો કહી પર મસ્જીદ બના બૈઠે**
**અરે હમસે તો અચ્છે વો પરિંદે હૈ**
**કભી મંદિરતો કભી મસ્જીદ પે જા બૈઠે.**

ભગવાન નામે ખોટો દેખાડો કરવાનો ગણપતિ આવે ત્યારે ગણપતિ લાવવાના. નવરાત્રિમાં માતાજીની સ્થાપના કરવાની ડેકોરેશન, જમણવાર, હોમ, હવન પાછળ લાખો રૂપિયા ખર્ચવાના. કાન ફાડી નાખે એટલા મોટા મોટા અવાજે ગીતો વગાડવાના આપણે એ કેમ નથી સમજતા કે આપણી આજુબાજુ કોઈ મોટા અવાજે ગીતો વગાડે તો આપણે કેટલા ડિસ્ટર્બ થઈએ છીએ. આપણી આંખ આગળ થોડો ધુમાડો આવેતો આપણી આંખો કેટલી બળે છે. તો શું ભગવાન ના કાન નહીં દુખતા હોય? એમનું માથુ નહી દુખતું હોય? શું હવનથી માતાજીની આંખો નહી બળતી હોય.

કહેવાતા ધર્મગુરૂઓ અને સાધુ સંતો એ તો જાણે કે ભગવાનના કોપીરાઈટજ લઈ લીધા છે. આટલા રૂપિયા આપો તો V.I.P. દર્શન વધારે પૈસા આપો તો મોસ્ટ V.I.P. દર્શન. જાણે ઝટપટ લોટરીની જેમ ઝટપટ દર્શન બસ ભગવાનને આપણે ઈસ્ટંટ મેળવી જ લેવાના. સોમવારે શંકર ભગવાનને દૂધ ચઢાવો, શનિવારે હનુમાનજીને તેલ ચઢાવો, સાંઈ બાબાના તમારા મોબાઈલમાં SMS આવે છે. એને ૧૧ જણાને ફારવર્ડ કરો ને સારૂ ઈચ્છિત પરિણામ મેળવો. હે ભગવાન પરિક્ષામા સારા માર્કસ આવશે તો સાત નારિયેળ ચઢાવીશ. સારી નોકરી મળશે તો ૧૧ મંગળવાર કરીશ, ઘરે પારણું બંધાશે તો ચાલીને સિધ્ધિવિનાયક જઈશ.

આપણને એ નથી સમજાતું કે જે સમગ્ર બ્રહ્માંડનો માલિક છે હજાર હાથે આપણને આપવા બેઠો છે એને આપણા સાત નારિયેળ ની શું પડી છે ? પરિસ્થિતિ આપણને અનુકુળ આવતી નથી. આપણા ધાર્યા પ્રમાણે થતું નથી. લાચાર, નિસહાય, નિરુપાય થઈને આપણે ડરીને સાધુબાવાઓ, તાંત્રિકો ના ચરણ પકડીએ છીએ. બસ ૨૪ કલાકમાં ગેરેન્ટેડ લાભ, જન્મેલા બાળકને કાળ સર્પ દોષ છે. વિધી કરાવવી પડશે. કન્યા પરણાવવી છે. માંગલિક છે. પૂજા કરાવવી પડશે. વડીલ મૃત્યુ પામ્યા છે. તો સોનું આપવું પડશે તો સ્વર્ગે શિધાવશે. અરે જે બાળક હજી જન્મયું છે એને ક્યાંથી સર્પદોષ લાગે. જેના હજી મંગળ ફેરા થયા નથી એ કોડભરી કન્યાને મંગળ ક્યાંથી નડે અરે આતે કેવી અંધશ્રધ્ધા કે આપણા વડીલોને સ્વર્ગ મળશે કે નર્ક એ આ સાધુ મહારાજો નક્કી કરે.

આપણામાં એક કહેવત છે કે 'સુખમાં સાંભરે સોની ને દુઃખમાં સાંભરે રામ'. આપણે વિચારવા જેવું છે કે શું આપણે સાચા દિલથી ભક્તિ કરીએ છીએ કે ડરીને એની સામે શીશ ઝુંકાવી એ છીએ.

ખરેખર આપણે 'ગોડ લવર નહી પણ ગોડ ફીઅર' લોકો છીએ. ભીખુદાન ગઢવી એ સાચુ જ કહયું છે કે

**કોણ અહીંયા ભલાને પૂછે છે**
**કોણ અહીંયા બૂરાને પૂછે છે**
**મતલબ થી બધાને નિસ્બત છે અહીંયા**
**નહિતર કોણ અહીંયા ખરાને પૂછે છે.**
**ફૂલોમાંથી અત્તર ચૂંટીલીધા પછી**
**કોણ ફૂલોની દશાને પૂછે છે.**
**આતો સંજોગો ઝુકાવે છે મિત્રો**
**નહીતો કોણ અહીંયા ખૂદાને પૂછે છે.**

બસ જેને આપણે પ્રેમ કરવાનો છે. સાચા દિલથી એની ભક્તિ કરવાની છે જે હજાર હાથ ફેલાવી એની બાંહોમાં આપણને સમાવવા બેઠો છે. એનાથી આપણે દૂર થતા જઈએ છીએ. ખોટી અંધશ્રધ્ધા ને ખોટા આડંબરમાં ઊંડા ઉતરતા જઈએ છીએ ને ઈશ્વરને બધે ગોતતાજ રહીએ છીએ. ને એ મળતો જ નથી !

શું ખરેખર ઈશ્વર છે ? ભગવાન છે ?

રજનીશજી કહે છે ઈશ્વર છે અને નથી. ઈશ્વરને આકાર પણ છે. તે નિરાકાર પણ છે, તે દ્રશ્યમાન પણ છે ને અદ્રશ્ય પણ છે.

ક્યારેક તે ગાંધીજી, અરવિંદ, બુધ્ધ કે મહાવીરના રૂપે દ્રશ્યમાન થાય છે. તો ક્યારેક સૂર્ય, ચંદ્ર, આકાશ, પશુ, પક્ષીઓમાં અદ્રશ્ય રૂપે પણ મળે છે. કવિકલાપી લખે છે. 'જ્યાં જ્યાં નજર ઠરે મારી ત્યાં ત્યાં યાદી ભરી આપની'. રજનીશજી એથી આગળ વધી કહે છે. રાત્રે આકાશમાં અંસખ્ય તારાઓને જોયા કરો વિચારો નહીં ક્યાંક બાગમા કળીમાંથી ફૂલ ખિલતા જોયા કરો બસ વિચારો નહી. સમુદ્રના કિનારા પર નર્તન કરતા મોજાઓ જોયા કરો વિચારો નહિ. જેમ જેમ પ્રકૃતિના પરદાઓ ખૂલતા જશે તેમ તેમ તમને ઈશ્વર હોવાનો અહેસાસ થશે. ભાસ થશે, ભગવાનતો સમગ્ર બ્રહ્માંડના અણુએ અણુંમાં છે. તમારા રોમ રોમ માં છે. કોઈક દિન દુખિયાના આસું લુછવામા છે. તો કોઈ ગરીબની ભૂખ ભાંગવામાં ભગવાન છે. માતાપિતાના ચરણોમાં ભગવાન છે તો કોઈ ગરીબ બીમારના દવાખાનાનું બિલ ભરવામાં ભગવાન છે. ઈશ્વરને તમારા પૈસામાં રસ નથી એતો ભાવ નો ભૂખ્યો છે. એના સુધી પહોંચવા માટે મંદિર સુધી જવાની જરૂર નથી. પણ હૃદયના એક ખૂણે શાંતચિત્તે શબ્દોથી નહી પણ મૌન થી થતી પ્રાર્થના જ કાફી છે.

જેમ પૃથ્વી અને આકાશ વચ્ચે ક્ષીતીજ નામની

પાતળી ભેદરેખા છે. એમ ઈશ્વર અને આપણી વચ્ચે શ્રધ્ધા નામની પાતળી ભેદરેખા છે. સાચા દિલથી સાચી શ્રધ્ધાથી માનોતો ઈશ્વર છે નહીં તો એ કયાંય નથી! સુરતના યુવાન કવિશ્રી રઈશ મણિયાર ની એક ખૂબજ સુંદર કવિતા લખું છું.

**'કૃષ્ણ કાંઈ પડયો નથી રસ્તામાં**
**બેચાર ફૂલ શું મંદિર મા પધરાવી લીધા તો**
**કાંઈ મળશે નહી તને સસ્તામાં**
**એ તને નહી મળે કાશી કે મથુરામાં**
**કે નહી મળે સોના ચાંદીના અઢળક સિક્કામાં**
**સાચા દિલથી જો એને ભજી લઈશ તો મળી જશે**
**તને એ તુલસીના એક પત્તામાં**
**કૃષ્ણ કાંઈ પડયો નથી રસ્તામાં**

✤ ✤ ✤ ✤ ✤

## શ્યામને રવાડે

માતા યશોદા મારી આવતાં ના આડે,
મારે કા'ન ને લડાવવાં છે લાડે ... રે ...
ખબર ના આ શું થવા બેઠું છે
હું તો ચઢયો છું શ્યામને રવાડે .... રે.. માતા ....
એની વાંસળીનાં સુર, એનાં ગીતો ભરપુર,
કંઈ હૈયે આવ્યા છે લાગણીનાં પુર
કંઈપણ કહો ! ગમ્યું શ્યામ નુર
હવે તો શ્યામ જ મારાં સરવાળે ... રે ... માતા ....
ઘેલી રાધા કીધી, ઘેલુ કર્યું ગોકળીયું
ઘેલો કીધો નરસિંહ, બની શામળિયો
રાણી મટી મીરાં બની દિવાની
હવે 'બાલિશ' ભજશે રાતે, દા'ડે ... રે .... માતા...

**- ઉપેન કડકીઆ 'બાલિશ'**

# બાળપણ

- વૈશાલી મોદી

**કદાચ ફરીથી એવું નસીબ મળી જાય**
**જીવનની સૌથી સુંદર ક્ષણ મળી જાય**
**ચાલ ફરીથી બનાવીએ સાગર પર રેતનું મકાન**
**કદાચ પાછું આપણું બાળપણ મળી જાય.**

કવિની આ સુંદર કવિતા સાંભળીને ઘણી બધી બાળપણની યાદો આંખ સામે રમવા લાગી. સાંજે હું જ્યારે બાજુના ગાર્ડનમાં વોક કરવા ગઈ ત્યારે મારા ધ્યાનમાં એક વાત આવી, પહેલા અંહીયા કેટલા બધા બાળકો રમવા આવતા હતા. હિંચકા ખાવા માટે લાઈનો લાગતી હતી. પરંતુ હમણા થોડા વર્ષોથી જાણે બાળપણ ક્યાંક ખોવાઈ ગયું હોય તેવું લાગે છે. આધુનિક યુગમાં મોબાઈલ, ટેબલેટ, વિડિયોગેમ અને કમ્પ્યુટરની યંત્રજાળમાં બાળપણ ફસાઈ ગયું છે. આપણે જે પકડદાવ, લંગડી, ગેડીદડો અને લખોટીઓની રમતો રમતા હતા એ આજના બાળકો ભાગ્યેજ રમતા જોવા મળે છે. હવે તો વેકેશનમાં પણ બાળકો નવા નવા કલાસીસ, કોર્સ કરતા થઈ ગયા છે. માતા-પિતા પણ હરીફાઈની દોડમાં પ્રથમ આવવા માટે બાળકોનું બાળપણ છીનવી લેતા હોય છે. ઉંમર પહેલા જ બાળકોને મોબાઈલ નામનું રમકડું આપી દેવામાં આવે છે. ગાર્ડન, દરિયા કિનારો, મ્યુઝીયમ પ્રાણી સંગ્રાલય, માછલીઘર જેવા ફરવાના સ્થળોને છોડીને મોલ બાળકોની પ્રિય ફરવાની જગ્યા બની ગઈ છે.

બાળકોની જ્ઞાનાત્મક, શારીરિક, સામાજિક અને ભાવનાત્મક સુદ્દઢતા માટે રમત-ગમત અનિવાર્ય છે. રમતના માધ્યમથી બાળકો પોતાની આસપાસની દુનિયાના સંપર્કમાં આવે છે. સાથે મળીને રહેવું, વહેંચવું, સમાધાન કરવું, વિવાદ ઉકેલવો વગેરે કૌશલ રમતા-રમતા બાળકો શીખી જાય છે. બાળકોના શ્રેષ્ઠ વિકાસ માટે રમત-ગમત એટલી મહત્વપૂર્ણ છે એટલે એને માનવાધિકાર સંયુક્ત રાષ્ટ્ર ઉચ્ચ આયોગમાં બાળકોના અધિકાર ના રૂપમાં માન્યતા આપવામાં આવી છે. રમવાથી બાળકોના બૌધ્ધિક અને ભાવનાત્મક વિકાસને વેગ મળે છે.

આજના ભણતરરૂપી બોજને ઉચકી ને બાળકો થાકી ગયા છે. જીદ, આળસ, ડર અને ચિંતા જેવા દુશ્મનોએ બાળપણને ઘેરી લીધું છે. પણ જો આપણે બધા મળીને આના માટે વિચાર કરીશું તો જરૂરથી કંઈક બદલાવ આવશે. જેમ કે દિવાળીમાં 'ચલો બાલાસિનોર'ના કાર્યક્રમોમાં બાળકો માટેની ગેમ્સનું આયોજન બહુ જ સુંદર કરવામાં આવ્યું છે. આવી જ રીતે સમાજમાં બાળકોના રમત-ગમતના કાર્યક્રમો યોજવામાં આવે તો ક્યાંક આ બાળપણ યંત્રજાળમાંથી મુક્ત થઈ ને ગાર્ડનમાં પાછા ફરવા લાગે. કવિ સુનીલ શાહની કવિતા પણ આપણને એમાં મદદરૂપ થશે.

## 'બાળપણ પાછું જગાડો'

તે પછીથી, વાંસળી હાથે રમાડો
સૌ પ્રથમ એકાદ પર્વત તો ઉપાડો
બસ લખો એવું લખો કે દીપ પ્રગટે
કોઈને કારણ વગર શાને દઝાડો ?
સાત પગલા દૂરની છે વાત છોડો !
એક પગલું સાચું મુકીને બતાડો.
હસ્વ ઈ કે દીર્ઘ ઈ કૈં પણ લખો પણ
શબ્દ સાથે લાગણીને બસ ઉઘાડો
રોજ મને ચાંદની તો ક્યાં મળે ? તોય
છે પ્રતીક્ષા અગાસી રાત દોડો
બસ, ભમરડો ફેરવો, ટીચો લખોટી
એ રીતે પણ બાળપણ પાછું જગાડો.

❖ ❖ ❖ ❖ ❖

# થોભો,થાંબા -Stop સિગ્નલ

**- ઉષા એસ. ધારીયા**

વાહન ચલાવતાં યા રસ્તો ક્રોસીંગ કરતાં આ સિગ્નલનો અમલ તો અવશ્ય કરવો પડે, વળી ઝેબ્રા, ક્રોસીંગ પરથી રસ્તો ક્રોસ કરવાનો હોય છે. એકસીડન્ટથી બચાય અને વાહનોની ગરદી, અથડામણ ન થાય અને મોટા નાના માણસોને પણ સુવિધા રહે. આ સિગ્નલ સાથે આપણે શો સંબંધ ?

આપણા જીવનમાં પણ આવા 'થોભો' થાંબા' "Stop' ની જરુરત છે. મનના વિચારોના ઘોડા બેફામ દોડતા હોય ત્યાં આ સિગ્નલની જરુરત છે. ઉંચી ઉડાન, ક્યારેક પછડાટ થાય એ કહેવાય નહિ. આજના કોમ્પ્યુટર માઈન્ડના બાળકોને મોમ, ડેડની શી વેલ્યુ ? એ કદાચિત અવગણી કાઢશે. લાગણી શબ્દનો છેદ ઉડી જશે, માતા પિતાનો પૈસો પ્રેમથી વાપરશે પણ .... પોતાની મસ્તીમાં મસ્ત હરવું ફરવું એ એમની જરુરીયાત બની રહે છે. Old man is an old furniture, એવી વ્યાખ્યા, એમની ડાયરીના પાના પર લખાય અને એથી જ આ સિગ્નલ 'થાંબા'નું તેમના માટે જરુરી બને છે. આ સમાજનો ચિતાર છે અને ઘણા ઘરોને આ 'થાંબા' 'થોભો'નું સિગ્નલ જરુરી થઈ પડે છે. બધે આવું નથી હોતું, એક વસ્તુની બે બાજુ હોય એમ 'અડધમાં ગામ અને અડધમાં રામ' જેવો ઘાટ છે. આમાં સુસંસ્કારોની અવગણના થાય છે. આ ઘરઘરકી કહાની છે, એમાં નવીનતા નથી. અને માતાપિતા પણ, હશે, આ નવો જમાનો એટલે આમજ ચાલે, આપણી તો બહોત ગઈને થોડી રહી' મનને મનાવી લે છે. આ તો સમાજના બે પાસનો થોડો ઘણો ચિતાર, બાકી તો 'ધીરી બાપુલીયાં, મુજ વિતી તુજવિતશે,' ખરતું પીળુપાન કહી જાય છે. આજના જુવાનીયાની આવતી કાલ કદાચિત આવી જ હશે, છેને આ માટે સિગ્નલની જરૂરત 'થાંબા'.

હવે બીજે ક્યાં આ સિગ્નલની જરુરત છે. 'થાંબા'? લગ્ન અને બીજા એવા અવસરો પર આ બ્રેકની જરુરત છે. આ તો સમાજની બ્રેક મારવાની વાત, મોંઘવારીએ માઝા મૂકી છે. તેમાં થતાં ખર્ચા પર 'થાંબા' 'થોભો', "Stop' નું સિગ્નલ બહુ જરુરી છે, માનો તો- રૂપિયા અમારા, અવસર અમારો, રોક નું સિગ્નલ શાને ? મોંઘવારીનું ચક્કર બહુ ફાસ્ટ ફરી રહ્યું છે. મિડલ વર્ગનાને આ ચક્કરમાં પીલાવું પડે. દેખાદેખી, પ્રતિષ્ઠા અને શરમના માર્યા આ ભીંસમાં જકડાવું પડે છે.

આંખોથી ન જોવાય અને હૃદયથી ન જીરવાય, અન્નનો વ્યય, પાણીનો વ્યય, વિજળીનો વ્યય, સમયનો વ્યય, આ બધાને 'થોભો', 'થાંબા'નું સિગ્નલ જરુરી આવશ્યક છે. માતાપિતાની સેવા અને પૈસાની બચત તમારું ભાવિ ઉજાળશે એ વિદિત છે. વિચારણા જરુરથી માંગે છે. રૂપિયાને આટલો સસ્તો ન બનાવો, બીજાને

માટે ક્યારેક ઉપયોગમાં આવે તો રૂપિયો અમુલ્ય એવી સોનાની લગડી બની રહેશે. ગાંધી બાપુ મધર ટેરેસા, વગેરે વગેરેને સમાજે વિસારે, પાડયા ? 'ચાર દહાડાની ચાંદની ફિર અંધેરી રાત' જેવો જ ઘાટ સર્વેનો. ગમે એટલી વ્હાલી વ્યક્તિ હોય પણ મૃત્યુની પળ આવે એટલે તેનો આત્મા દેહના ખોળિયામાંથી ચાલ્યો જાય છે. પળભરના વિલંબ વિના, એવી જ રીતે આ લક્ષ્મીજી ઘણા ગણા વ્હાલા હોય પણ, માન વિના, તેનું મુલ્ય સમજ્યા વિના આડે ધડ ખર્ચાય તો તે ક્યારે આત્માની જેમ જ પર, આત્મા પાસે ચાલી જાય અને આપણે ઠાલા હાથ મલતાં જોતાં જ રહીએ, લક્ષ્મીજીનું માન કરો, તે અતિ મુલ્યવાન છે. લક્ષ્મીજી ઠાકુરજીના પત્નીશ્રી છે અને 'સદ્'ના ઉપયોગથી તેની મહત્તા વધી જાય અને તે તમારા ચરણોમાં આસન જમાવી બેસી જાય, હવે તમને સમજાશે આ 'થોભો', 'થાંબા', 'Stop' ના સિગ્નલની સમજુતિ, 'સમજને વાલે સમજ ગયે ... ' લક્ષ્મીજી ખરચો, તમારી જ છે. તમારા અવસરને ખુબ જ પ્રેમ અને ધામધુથી ઉજવો પરંતુ ... 'થાંબા', 'થોભો', "Stop'ના સિગ્નલને અનુસરીને ... થોડી કટોતિ ... થોડી રોક રાખીને ... આ પ્રભુજીને પણ જરુરથી ગમશે. મુલ્યવાન લક્ષ્મીજીનું માન કરીને ....

**માગું એટલું**

મારે જાવું છે શ્રી ચંપારણ ધામ
મારે લેવું છે શ્રી વલ્લભનું નામ
કોટિ કોટિ કરું હું પ્રમાણ .... મારે
ધરું ધોતિ ઉપરણો પાધને પ્રસાદ
જનમ જનમનો માંગું હું તો સાથ... મારે
હું તો કરું શ્રીવલ્લભનો જય જયકાર
માંગુ એટલું શ્રી ચરણોમાં આપજો વાસ .. મારે
મારે જાવું છે શ્રી ચંપારણ ધામ
મારે લેવું છે શ્રી વલ્લભનું નામ ...

❖❖❖❖❖

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## દાંડીયા રાસનો અહેવાલ

નવેમ્બર મહિનાની ૩જી તારીખે તારાબાઈ હોલમાં નવલા નોરતાનો કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. આ કાર્યક્રમમાં વડીલો તથા બાળકો થઈ ૬૦૦ થી ૭૦૦ બહેનો આવેલી હતી. આમાં આપણને શ્રીમતી સુવર્ણાબેન પ્રદીપ મોદી તરફથી રૂા. ૨૫૦૦૦નું ડોનેશન પ્રાપ્ત થયું હતું. અને બીજા ડોનર હતા. શ્રીમતી સુશીલાબેન બાબુલાલ કડકીયા જેમના તરફથી આપણને રૂા. ૧૦,૦૦૦/- પ્રાપ્ત થયા હતા. આ પ્રોગ્રામમાં Lock & seal ના બે ગોળ ડબ્બાની લ્હાણી આપવામાં આવી હતી. જેનો લાભ ૬૦૦ બહેનોએ લીધો હતો. ભરત ડોસાના Orchestra ના તાલે બહેનોને ગરબે ઘુમવાની મઝા આવી હતી. છેલ્લે બહેનોને નાસ્તો આપવામાં આવેલો. જેનું સંચાલન મિનોતી શાહ, વ્રજબાળા કડકીયા તથા કૌશિકા શાહે સુંદર રીતે નિભાવ્યું હતું. જજ તરીકેની કપરી કામગીરી હિરલ પારેખ બજાવી હતી. દરેક ગ્રુપમાં Best Performanceના ત્રણ તથા બેસ્ટ Dress ના ત્રણ પ્રાઈઝ આપવામાં આવ્યા હતા. Best Performances માં ચોથું Prize શ્રીમતી શર્મિષ્ઠા હર્ષદ ગાંધી તરફથી આપવામાં આવેલું. પહેલા Common Round રમાડવામાં આવેલો. પછી ગ્રુપ પ્રમાણે છ ગ્રુપ પાડી રમાડવામાં આવેલા હતા.

**Group Best Performance — Best Dress**

**(1) Year 1 to 5** —

1. Vanish Kadakia
2. Darsh Shah
3. Khush
4. Kiyaa Mehta

**(2) Year 6 to 15**

| Best Performance | Best Dress |
|---|---|
| (1) Sachi Desai | (1) Kashish |
| (2) Dweep Kadakia | (2) Jiya Kadakia |
| (3) Charmy Kadakia | (3) Riya Gandhi |
| (4) Mahek Desai | |
| (5) Renee Rippal Kadakia | |

**Group Best Performance — Best Dress**

**Year 16 to 25**

| Best Performance | Best Dress |
|---|---|
| (1) Prachi Modi | (1) Komal Shah |
| (2) Miti | (2) Mishika Parikh. |

**4. years 26 to 40**

| Best Performance | Best Dress |
|---|---|
| (1) Disha Desai | (1) Tanvi |
| (2) Sarjita Kadakia | (2) Harsha Parekh |
| (3) Shimoni Kadakia | (3) Loppa Shah |
| (4) Bhavana Gandhi | |
| (5) Trupti | |
| (6) Monali Kadakia | |

**5. Year 41 to 55**

| Best Performance | Best Dress |
|---|---|
| (1) Rupal Kadakia | (1) Harsha parikh |
| (2) Dimple Kadakia | (2) Nikita Modi |
| (3) Sonali Shah | |
| (4) Dipti | |

**year 55 & above**

| Best Performance | Best Dress |
|---|---|
| (1) Rashmi Parikh | (1) Rekha Desai |
| (2) Veena Dharia | (2) Bhavana Gandhi |
| (3) Ragini Shah | (3) Kanaklata Modi |
| (4) Manjulaben | |

આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વે કમિટિ બહેનોએ તથા વોલિંટીયર બહેનોએ પોતાનો અમુલ્ય ફાળો આપ્યો હતો. તે બદલ સર્વેનો આભાર માનુ છું. સર્વે વૈષ્ણવોને નવા વર્ષના સાલ મુબારક તથા હાર્દિક શુભેચ્છા.

**- સંયોજક : કુંજું હેમેન્દ્ર શાહ**

**Mobile : ૯૯૩૦૭૯૪૪૨૪**

✤ ✤ ✤ ✤ ✤


## જીવન

રૂપ સરસ મલ્યુ છે તો સંપતિ અલ્પ મળી છે
ભોજન વિપુલ મલ્યુ છે તો શરીર અપૂર્ણ મલ્યું છે.
ખ્યાતિ પૂર્ણ મળી છે તો રૂપનો અભાવ લમણે જીક્યો છે.
સંપત્તિ રેલમ છેલ છે તો સ્વજનોના વાંધા છે
સ્વજનો સરસ મળ્યા છે તો મગજ અસ્વસ્થ મલ્યુ છે.
ટુંકમાં કાંતો અલ્પ મળે,
કાંતો અપૂર્ણ મળે અને કાંતો આ બધાના અભાવમાં
માનસીક તાણમાં જીવવું પડે છે.
આજ સંસારનું નગ્ન સત્ય સ્વરૂપ છે.
બરફનો પીરામીડ બનાવી શક્યા
પણ ટકાવી ન શક્યા,
રેતીનું દોરડુ, બનાવી શક્યા
પણ ટકાવી ન શક્યા
પાણીનો પરપોટો જોઈ શક્યા
પણ સાચવી ન શક્યા
મેઘ ધનુષને નિહાળી શક્યા
પણ નિભાવી ન શક્યા.
સંબંધોને બાંધી શકયા
પણ ટકાવી ન શક્યા
ઘણું પ્રાપ્ત કરી શક્યા
પણ તૃપ્તિ અનુભવી ન શક્યા.
જીવન જીવી ગયા પણ જીતી ન શક્યા.
મોતને દૂર ઠેલી શક્યા પણ રદ બાતલ તો ન કરી શક્યા
આ સંસારમાં ભિખારી તરીકે જન્મેલો માણસ કરોડપતિ બનીને મરવામાં હજી સફળ બન્યો છે. પણ પરલોકમાં એક પણ રાતી પાઈ લઈ જવામાં સફળ નથી થયો.
મિત્રો અમાસને પૂનમ બનતા પંદર દિવસ લાગે છે,. એ વાત તો તદન સાચી છે. પણ અધમ આત્મા તો પંદર પળમાં પરમાત્મા બની જાય એ સંભાવના પુરે પુરી છે. તો પુનમને અમાસ બનતા બિજા પંદર દિવસ લાગે છે. આ વાત પણ સાચી છે ને. પણ મહાન આત્મા તો પંદર પળમાં અધમ આત્મા બની જાય એ શક્યતા પુરે પુરી છે.
કપડા ઉપર લાગી જતો નાનો અમથો ડાઘ કપડા પહેરવાની મજા બગાડી નાખે છે. આંખમાં પડી જતું નાનું અમથું તણખલ સામે રહેલા વિરાટ હિમાલયને દેખાતો બંધ કરી દે છે.
ટાયરમાં પડી જતુ નાનું અમથું પંકચર કારને બેકાર બનાવી દે છે.
એવી જ રીતે વેરીની નાની સી ગાંઠ જીવાત્માને પરમાત્મા બનાવતો અટકાવી દે છે.
મોક્ષપ્રાપ્તિની સંપૂર્ણ ભક્તિને નિષ્પ્રાણ બનાવે છે.
આત્માને પાવન કરનાર આ મહામંગલ કારી પર્વે ....
ક્ષમાનું અમૃત લઈ આજ
તમારી સન્મુખ આવ્યા છીએ,
વૈરના ઝેરને ભૂલી જવા આજ
તમારી પાસે આવ્યા છીએ
ભૂલ મારી કે તમારી જોવા નથી આવ્યા અમે
આજ હૃદયથી સાલ-મુબારક કરવા આવ્યા છીએ અમે
- નયન

'દૂધ જલતા હૈ પાની જલને કે બાદ
આદમી રોતા હૈ વક્ત નીકલ જાને કે બાદ.

Let us "Forgive, forget and be friend for ever"
"Love men Little but for ever"

**- નયન કડકીઆ (ધંગેલા)**



**સાચા**
**નાગની ''ફેણ'' કરતાં**
**ખોટા**
**માણસની ''તરફેણ''**
**વધુ ઝેરી હોય છે**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાર્થના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬

Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મીનાબેન સુધીર ધારિયા (રંગુનવાલા) પુરસ્કૃત

ઉપનગર વિભાગ યોજે છે.

# 'નવુ ગુજરાતી નાટક'

**સ્થળ : પ્રબોધન ઠાકરે હોલ બોરીવલી (વેસ્ટ)**

**તારીખ : ૧૬-૧૨-૧૨ રવિવારે સવારે ૯.૩૦ કલાકે**

**ટીકીટ મળવાનું સ્થળ :**

**(૧) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ**
સી/૩૦૨, સુમેર નગર, એસ. વી.રોડ. (વિરાર થી બોરીવલી સુધી) બોરીવલી (વેસ્ટ) ૯૮૨૦૦૧૧૫૮૬

**(૨) શ્રીમતી કોકીલાબેન હિરાલાલ પરીખ**
શંકરલેન, કૈલાસનગર, ઉ/૨૧, કાંદિવલી વેસ્ટ : ૨૮૦૭૭૮૭૦ (કાંદિવલી, મલાડ અને ગોરેગાંવ)

**(૩) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી**
B/ ૧૨, નવશિલ્પવની, લલ્લુભાઈ પાર્ક, Ext.૧, અંધેરી વેસ્ટ : ટે. ૨૬૨૦૩૧૭૪

**(૪) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
૧૧૮/૧૨૦, આરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪

**(માહિમ થી પ્રોપર મુંબઈ તેમજ સેન્ટ્રલ સબરબન વાળા)**

**નાટકની ટીકીટ તા. ૨-૧૨-૧૨ રવિવારે સવારે ૧૦ થી ૧૨ મળશે.**

**ત્યાર પછી ટીકીટ વધશે તો મુંબઈથી તા. ૩-૧૨-૧૨ બપોરે ૧ થી ૪**

**સ્થળ : (૧) શ્રી સૌમીલ મોદી – શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ**
મો. ૯૯૨૦૨૧૩૪૨૬, ૧૬, નારાયણ ધ્રુવ સ્ટીટ, મુંબઈ - ૪૦૦૦૦૩

**(૨) શ્રી ગોપાલ કડકીયા, એલાઈડ ઈલેટ્રીક કુ.**
૨૯/બી, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨, ટેલી. ૨૨૦૮૯૧૩૮

**ટીકીટનો દર : રૂા. ૫૦/-, રૂા. ૪૦/- અને રૂા. ૩૦/- (બાલકની) વ્યક્તિ દીઠ.**

આ સાથે જમણવાર રાખ્યો છે જેનો વ્યક્તિ દીઠ ચાર્જ **રૂા. ૨૦૦/-** રાખ્યો છે. જેના પાસ વહેલો તે પહેલો ધોરણે ઉપર જણાવેલ એડ્રેસ પર મળશે.

આ સાથે શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (હસ્તે શ્રી રાજુભાઈ શાહ) પુરસ્કૃત પારિતોષીકનું વિતરણ ધો. ૧ થી ૯ ગુજરાતી તેમજ ઈંગ્લીશ મીડીયમ બન્ને કંમ્બાઈન કરીને ઈનામ આપવામાં આવશે. જેમણે ઈનામ લાગ્યું હશે તેમને સંયોજક તરફથી ફોન આવશે

આપ સૌને સાથ સહકાર આપવા વિનંતી.

**સંયોજક : હેમેન્દ્ર શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬** **મંત્રી : ભાવેશ મોદી - ૮૮૭૯૪૨૨૩૦૪**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# T-10 TOURNAMENT.

The Cricket Committee, on behalf of Shree Balasinor Navyuvak Sangh takes pride to announce that Shri Daxesh Kadakia & Shri Minish Kadakia (of Kadakia Enterprises) has consented to be the Sponsors for this year's T-10 TROPHY. The Trophy will be named as "**KADAKIA ENTERPRISES T-10 TROPHY".**

The Cricket Committee thank both the Sponsors Shri Daxesh Kadakia & Shri Minish Kadakia for giving valuable co-operation and Strength to the Tournament and also supporting this New Concept of the Tournament, which is fast getting Worldwide Popularity.

The Venue of the Tournament, which will be organised in first week of December 2012, is still not decided. All the Players registering to participate in the Tournament will be informed by their Respective Captains as and when the playing Venue and date is confirmed.

The Cricket Committee has decided to register **only 60 players** for the Tournament. This 60 players will be divided into Four teams of 15 Players each and Each Team will play two matches.

Each player has to contribute Rs.300/- as Entry Fee.

Those who have not registered their names, kindly do so by sending SMS to any of the below . numbers.

**CHIRAG PARIKH : 9821574856.**
**NIRAV DESAI : 8108717979**
**ALPESH DHARIA : 9833867601.**

**Bhavesh Modi**
(Secretary)

**Chirag Parikh**
(Convenor)

Program and Event Management committee arranges next seminar on 1st Feb 2013 at IMC hall churchgate

This time it is arranged on Friday evening from 6.30 pm on wards on special request from members

Subject will be "DIETTITIAN AND NEUTRITION" and it will be presented by our own community Guest Speaker.

Further details will be given in next issue.

**Pankaj Dharia**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# આંતરિક રમત-ગમત

**Sponsored by :**
**શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ**
**(M/s સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોપોરેશન) અને**
**શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીઆ**
**(કડકીઆ એન્ટરપ્રાઈઝ)**

## બેડમિન્ટન અને ટેબલટેનીસ

આ વર્ષે તા. ૨૩-૧૨-૧૨ના રોજ પી.એમ.બાથ ચોપાટી ખાતે સવારે ૧૧ વાગે બેડમિન્ટન અને ટેબલટેનીસની સ્પર્ધા રાખેલ છે. જેઓને ભાગ લેવો હોય તો શ્રી અજીત મોદી - ૯૮૬૯૦ ૨૯૪૮૬, ૨૮૬૯૧૧૮૫ ઉપર ફોન કરી નામ લખાવવા વિનંતી. નામ લખવાની છેલ્લી તારીખ ૧૫-૧૨-૧૨ રાખેલ છે.

પરા વિભાગમાં રહેતા લોકોને જો ભાગ લેવો હોય તો ઉપર જણાવેલ સ્થળે રમવા આવવું પડશે. તેઓને અલગથી ઈનામ આપવામાં આવશે.

જે લોકો બાથના મેમ્બર છે તેઓએ પાસ લઈ આવવો.

શક્ય હોય તો સ્પોર્ટસૂઝ પહેરવાને વિનંતી.

**કન્વીનર : અજીત મોદી - મંત્રી : ભાવેશ મોદી.**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતી સમાજના નેજા હેઠળ સંચાલીત આરોગ્ય ધામ યોજનામાં હાલમાં યોગીનગર ખાતે - ૧ બ્લોક, હીરા બીલ્ડીંગ ખાતે - ૧ રૂમ ખાલી છે જે સભ્યોને જરૂર હોય તેમણે સમાજની ઓફીસમાં સંપર્ક કરવો.

**કન્વેનટ : મીનીશ કડકીયા (લટકારી)**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

# શ્રી વાડાસિનોર દશાનીમા વૈષ્ણવોને જાહેર આમંત્રણ

શ્રી વાડાસિનોરના દશાનિમા વૈષ્ણવો,

સર્વે ને જય જય શ્રી ગોકુલેશ

ઉપરોક્ત ગોકુલેશ સમાજ વર્ષોથી ઉત્સવોનું આયોજન કરે છે. આ વર્ષે પણ શ્રી મહાઓચ્છવનું આયોજન અનેરા ઉત્સવથી કરવા વિચાર્યુ છે.

## શ્રી મહાઓચ્છવ

**સં.૨૦૬૯ના માગસર સુદ સાતમને બુધવાર તા. ૧૯-૧૨-૧૨ના દિવસે આ મહાઓચ્છવ ઉજવવામાં આવશે.**

**સ્થળ :**

શ્રી લાડવાડી, સી.પી. ટેંક, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**મનોરથી**

### આ મહાઓચ્છવના ભાગ્યશાળી મનોરથી

### શ્રી જીતેન્દ્રભાઈ કાંતિલાલ મોદી તથા તેમનો પરિવાર છે.

**બુધવારે તા. ૧૯-૧૨-૧૨ બપોરે ૩ કલાકે મનોરથી ના નિવાસ સ્થાન ૧૮૦૧ શ્રી હાઈટસ, ૧૮ વાડિયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઈ- ૪૦૦૦૩૪ ખાતે સમાજ બેસશે અને ઠાકોરજીના કિર્તનોની ધૂન બોલાવશે.**

**કળશનો વરઘોડોઃ**

તેજ દિવસે સાંજે ૬ કલાકે સત્સંગની રૂમ, નવી અમૃતવાડી, વી.પી. રોડ, થી વરઘોડો નીકળી લાડવાડી જશે.

**શ્રી મહાઓચ્છવ મનોરથ :**

આ પ્રસંગે સાંજે ૭ કલાકે મનોરથી તેમજ તેમના કુટુંબીજનોનું સમાજ તરફથી સન્માન કરવામાં આવશે.

તેજ દિવસે સાંજે ૭.૪૫ કલાકે બાલાસિનોરના સમસ્ત વૈષ્ણવોને સહકુટુંબ પરિવાર
લાડવાડીમાં પ્રસાદ લેવા અમારૂ ભાવભીનું આમંત્રણ છે.

ઉપરોક્ત પ્રસંગને શોભાયમાન બનાવવા આપશ્રી આપનો સમય ફાળવીને આ પ્રસંગમાં સહભાગી થશો.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ તરફથી**

**પ્રમુખ : શ્રી નવનીતલાલ ચંદુલાલ પરિખ** **મંત્રી : શ્રી મંજુલ શૈલેષ ધારીયા**

**તેમજ મનોરથીઃ શ્રી જીતેન્દ્રભાઈ કાંતિલાલ મોદી પરિવારના જય જય શ્રી ગોકુલેશ**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮-૯-૧૨ ને શુક્રવારે સાંજે ૭ કલાકે ઓરિએન્ટ કલબ હોલ, ચોપાટી મુંબઈ મુકામે સમાજના પ્રમુખ શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) ના પ્રમુખ પદે મળી હતી. સભામાં ૯૫ સભ્યો હાજર હતા.

ફારેગ થયેલા બધાજ ૨૭ સભ્યોની નિમણુંક આગામી ત્રણ વર્ષ માટે પ્રમુખ સ્થાનેથી કરવામાં આવી.

તે પછી તુરત સમાજના ચૂંટાયેલા સભ્યોની એક પ્રથમ મિટિંગ તેજ સ્થળે મળી હતી.

શ્રી આસીત રમેશચંદ્ર દેસાઈના પ્રમુખ પદે મળેલી મિટિંગમાં નીચે પ્રમાણે સમાજના હોદેદારોની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી.

(૧) શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ સરકાર - પ્રમુખ
(૨) શ્રી રસીકલાલ મણીલાલ લાકડાવાળા - ઉપપ્રમુખ
(૩) શ્રી મંજુલ શૈલેષ ધારીયા - મંત્રી
(૪) શ્રી ઉષનસ્ નવીનચંદ્ર કચેરીયા - સહમંત્રી
(૫) શ્રી ભૂપેન્દ્ર સુંદરલાલ કડકીઆ - સહમંત્રી
(૬) શ્રી સુરેન્દ્ર રમણલાલ મોદી (ચોધરી) - ખજાનચી

**લી. મંજુલ શૈલેષ ધારીયા - મંત્રી**

## Shri Vadasinor Dashanima Navyuvak Mandal Medical Trust

The V.D.N.M.Medical Trust wishes all of you belated Happy Diwali and wishes you to remain happier even after Diwali by taking care of your precious health. After munching some extra dry fruits and little more sweets in the festival season.

Responding to the feed backs, demands and request from our community people V.D.N.M. offers you some basic preventive Medical Teste at a very special rate Rs. 400/- only on all Tuesdays of the year December 2012 between 10.00 am. to 12.00 pm. to enjoy an exciting and healthy Christmas ...... You are required to be fasting for 12 hours for Serum Lipid Profile

- ECG report with consultation of a renowned Cardiologist (M.D.) for your cardiac quarries.
- Liquid profile package inclusive of S. cholesterol, S. Triglycerides, HDL, LDL, VLDL.
- Fasting Blood Sugar, Urine sugar.

**Home Visit :** Our V.D.N.M. Trust offers Home Visits for Pathological Tests by simply calling up at V.D.N.M. Centre 23670169 at least 2 days prior as pathlogy tests and visits are provided at a very concessional rate by the Trust. However IF POSSIBLE we shall try and arrange for visit on the very next day.

**Note :** If the diagnosis of any blood sample collected at V.D.N.M. shows a significant different value as compare to any other MEDICALLY REGISTRED PATHOLOGY LABORATORY on the same day and same time (approx) you can claim to get back full cash amount paid to V.D.N.M. Trust

THE VERIFICATION OF THE PATHOLOGY REPORTS WILL BE JUSTIFIED ONLY BY M.D.PATHOLOGIST

**KINNARI MODY SEVAK**
**(Hon. Medical Administration)**

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
## સમાજના દાતાશ્રીઓને નિમંત્રણ

વિદ્યોતેજક મંડળ/ટ્રસ્ટ ૩ નવી વિદ્યાલક્ષી યોજનાઓ આપ સમક્ષ રજુ કરતાં હર્ષ અનુભવે છે અને આશા વ્યક્ત કરે છે, કે સમાજનાં ઉદાર દિલ દાતાઓ હંમેશ માફક દાન નાં પ્રતિસાદ વડે આ યોજનાઓને અપનાવી લેશે. નીચે મુજબ યોજના ઓ માટે દાતા/પુરસ્કરતા આવકાર્ય છે.

૧. આગવી કન્યા શિક્ષણ યોજના
Exclusive All Girls Education Scheme.
૨. મેડિકલ શિક્ષણ યોજના
Medical Education Scheme.
૩. એન્જીનિયરીંગ શિક્ષણ યોજના
Engineering Education Scheme.

## અનુકરણીય દાન

૧. શ્રીમતી અરૂણાબહેન રમેશચંદ્ર કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) - રૂા. ૧૧,૦૦૦ (રૂા. અગિયાર હજાર). ન્યાસ ફંડ મળેલ છે.

**માનદ્ મંત્રીઓ**

**શરદ નટવરલાલ દેસાઈ - મંજુલ શૈલેષ ધારીયા**

## બાલાસિનોરનું ગૌરવ

અમેરિકા - ન્યુ જર્સી ખાતે ગુજરાતીઓ માટે ગૌરવપ્રદ ૩ દિવસનો ‘ચલો ગુજરાત’ કાર્યક્રમ આયોજાયો હતો. જેમાં ૩૦,૦૦૦ ગુજરાતીઓએ હાજરી આપી હતી. આ અવસરને શ્રી મોરારીબાપુ ઉપરાંત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી દીપાવ્યો હતો. તો મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લાઈવ કોનફરન્સ દ્વારા ભાષણ આપ્યું હતું અને આખા આયોજનની ટીમને અભિનંદન આપ્યા હતા. આ આયોજનની કોર-કમિટિમાં આપણે માટે ગૌરવપ્રદ એવું યુગલ શ્રી નિમીષ યોગેશ કડકીઆ (સીતારામ) શ્રીમતી રેશ્મા નિમીષ કડકીઆ પણ સામેલ હતા. જેમણે ગ્રાફીક ડીઝાઈનીંગના માધ્યમથી પોતાનો ફાળો આપ્યો હતો. સંસ્થા વતી બન્નેને અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ.

❖ ❖ ❖ ❖

**દુનિયા તમને એ સમય સુધી**
**ક્યારેય હરાવી નથી શકતી**
**જ્યાં સુધી**
**તમે ખુદ તમારાથી હારી ના જાઓ**

## બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં વિવિધ વિભાગોની તા. ૧-૪-૧૨ થી તા. ૩૦-૯-૧૨ દરમ્યાનની આંકડાકીય માહિતી નીચે મુજબ છે

| | | |
|---|---|---|
| (૧) | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સુતિકા વિભાગ | ૨૬૬ |
| (૨) | શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ એક્ષરે વિભાગ | ૩૦૧૬ |
| (૩) | ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ પેથોલોજી વિભાગ | ૩૪૭૯ |
| (૪) | શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ ઉત્સવ હેમોગ્લોબીન વિભાગ | ૪૩૬૬ |
| (૫) | સ્મીતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ | ૧૧૮૧૭ |
| (૬) | બાલાસિનોર નાગરિક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગ | ૪૫૦૯ |
| (૭) | રમણલાલ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ | ૨૦૫૯ |
| (૮) | મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ | ૫૫૯ |
| (૯) | સર્જીકલ મેજર અને માઈનોર ઓપરેશનો | ૧૦૫ |
| (૧૦) | ગાયનેક મેજર અને માઈનોર ઓપરેશનો | ૧૩૮ |

**શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :**

તા. ૭-૧૦-૧૨ના રોજ હોસ્પિટલમાં યોજવામાં આવેલ. આ કેમ્પમાં નારાયણા હદયાલયા હોસ્પિટલ, રખિયાલ, અમદાવાદના ડોકટરોની ટીમે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કાર્ડીયાક સર્જન ડૉ. ભૂપેશભાઈ ડી શાહ, કાર્ડીયોલોજીસ્ટ, ડૉ. વિપુલ કપુર, કીડનીના રોગોના નિષ્ણાંત, ડૉ. અસિત મહેતા, હાડકાના સાંધાના રોગોના નિષ્ણાંત, ડૉ. હદય વૈધ, કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત, ડૉ. સંદીપ શાહ તથા મૂત્ર માર્ગને લગતા રોગોના નિષ્ણાંત ડૉ. કંદર્ભ પરીખે સેવાઓ આપેલ આ કેમ્પમાં કુલ ૨૩૯ દર્દીઓ નોધાયેલા તેમાં એક્ષ રે, ઈકો રૂા. ૧૫૦/-ના રાહતદરે કરવામાં આવેલ તેમજ દવાઓ ૧૧૩ દર્દીઓને ફ્રી આપવામાં આવેલ.

**સુધારો :**- ઓગસ્ટ ૨૦૧૨ના અંકમાં છપાયેલ દાન/વચનમાં નીચે મુજબ સુધારો વાંચવો.

(૧) શ્રીમતી લીલાવતી કીરીટકુમાર કડકીઆ (ફાડીયા) હ. સુરભીબેન હિતેશભાઈ કડકીઆ તરફથી રૂા. ૨૫ (પચ્ચીસ) લાખનું માતબર દાન/વચન મળેલ છે. ક્ષતિ બદલ દરગુજર કરવા વિનંતી.

(૨) સ્વ. ભાનુબેન રસિકલાલ કાપડીઆની સ્મૃતિમાં એક હોસ્પિટલ બેડ માટે રૂા. ૩૧,૦૦૦/-નું દાન હસ્તે વિરલ ગીરીશ કાપડીઆ તરફથી પ્રાપ્ત થયેલ છે.

સંસ્થા દાતાશ્રીનો ખૂબ આભાર માને છે.

**મંત્રીશ્રીઓ - રાજેન્દ્ર દેસાઈ - નીતીન પરીખ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ની ૬ઠી બેઠક તા. ૨૬-૧૦-૨૦૦૨ના રોજ શુક્રવારે સાંજે ૭ કલાકે પી. જે. હીન્દુ જીમખાના (મરીન લાઈન્સ) ખાતે પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆના નેજા હેઠળ રાખવામાં આવી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા. સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમત્તે પસાર કરવામા આવ્યો હતો.

શ્રી રજનીકાન્ત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના સંયોજક અન ઉપસ્થિત હોવાથી મંત્રી શ્રી ભાવેશ મોદી એ રજુઆત કરી હતી. તા. ૨૫-૧૧-૧૨ના રોજ ચંદ્રેશ શાહ નીર્મીત્તે હૂ તૂ તૂ. નો ગુજરાતી ગીતોનો રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તેની ટીકીટો વીવીધ સેંટરો પર થી તા. ૧૮-૧૧-૧૨ના રોજ આપવામાં આવશે. તેમજ એ દીવસે જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પાસ ની કીંમત રૂા. ૧૫૦ રાખવામાં આવી છે.

શ્રીમતી કોકીલાબેન પ્રવીણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના ના સંયોજક શ્રી કીર્તીભાઈ કડકીઆ એ અહેવાલ રજુ કર્યો હતો. કુલ ૨૭ અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

ક્રીકેટ એકટીવીટીના સંયોજક શ્રી ચીરાગ પરીખ એ રજુઆત કરી હતી કે આ વર્ષે નવી ટુરનામેન્ટ T-10 Cup રમાડવામા આવશે, તેના કપ ના સ્પોન્સર શ્રી દક્ષેશભાઈ કડકીઆ/ શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ)ના નામની જાહેરાત કરી હતી.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ તેમના પ્રથમ પ્રોગ્રામ કુમાર રીસોર્ટ (પીકનીક)નો હીસાબ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો. વધુ મા એમણે જણાવેલ કે નવુ નાટક તા. ૧૬-૧૨-૧૨ના રોજ પ્રબોધન ઠાકરે હોલ (બોરીવલી) ખાતે ભજવાશે. જેની ટીકીટો વિવિધ સેંટરો પરથી મળશે.

ચલો બાલાસિનોરના સંયોજક શ્રી જીગર કડકીઆ જણાવેલું કે તેમની સંપૂર્ણ તૈયારી થઈ ગઈ છે. કામની વહેંચણી કરી દીધી છે. અને તેમણે સહુને સાથ સહકાર આપવાની જાહેરાત કરી હતી.

શ્રીમતી શાંતાબેન કાતીલાલ લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક શ્રીમતી કુંજુબેન શાહ અનઉપસ્થીત હોવાથી મંત્રી શ્રી ભાવેશ મોદીએ એહવાલ રજુ કર્યો હતો. સ્નેહ સમ્મેલન તા. ૨૨-૧૧-૧૨ના રોજ તેજપાલ હોલ ખાતે યોજવામાં આવશે.

શ્રી મનોજભાઈ / અમરીષભાઈ કચેરીઆ કનસેસ્નલ રેટ નોટબુક સ્કીમ તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના ના સંયોજક શ્રી સુનીલ મોદી એ એમનો હીસાબ રજુ કર્યો હતો. તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ એ ૩ નવી યોજના ના નામ ની જાહેરાત કરી હતી. તેના પેઠે રૂા. ૭,૫૦,૦૦૦/- લેવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. જે નીચે મુજબ છે.

(૧) મેડીકલ અને ઈન્જીનીયરીગ Text Book Scheme
(૨) પોસ્ટ ગ્રેજ્યુએશન Text Book Scheme
(૩) FYJC to Graduation Text Book Scheme

કુલ ૪ લીવની અરજી ઓ આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી.

પ્રમુખ શ્રી આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ મોદી.**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Kavin Dixit Dharia**
   B-602, 6ht Floor, Orchid Co-Op.H.Soci.
   Eksar Road, Royal Complex,
   Behind Daffodils 23, Borivali (West),
   Mumbai - 400 092 - Tel : 2890 1073
   **Kavin Dixit Dharia :** 98205 74415
   **Sneha Kavin Dharia :** 99207 20207
   **Saanvi Kavin Dharia :**

2. **Bharat Manikant Kadakia (Dhangela)**
   A Wing, Flat No. 505, 5th Floor,
   Off Shiv Vallabh Cross Road, Ashok Van,
   Rawalpada Market,Dahisar (East)
   Mumbai - 400068
   **Bharat Manikant Kadakia :** 9833528477
   **Bhavana Bharat Kadakia :** 9004562372
   **Chirag Bharat Kadakia :** 9920457978

3. **Kadakia Shital Pravinchandra (Fadia)**
   E/603, Vasant Asswariya, Mathuradas Road,
   Extn, Kandivali (West), Mumbai - 400 067

## મલાડ વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન

મલાડ વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન તા. ૧૩-૧-૧૩ ના રવિવારે રાખેલ છે. મલાડમાં વસતા તમામ બાલાસિનોરવાસીઓને સવારના ૧૧ કલાકે સમૂહ ભોજનમાં નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

સ્થળ : નડીઆદવાલા માર્કેટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર સામે, પોદાર રોડ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭

**આભાર :**

**એજ લી. આપણો વિશ્વાસુ**
**દીક્ષીત કે. પરીખ**

## સમુહ ભોજન

બોરીવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોર વાસિઓની તા. ૬-૧-૨૦૧૩ સમય ૧૨ કલાકે, સ્થળ : ગુરુદ્વારા, સાઈ બાબા નગર, બોરિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨

આપ સૌને પધારવા માટે આમંત્રણ છે. જેમણે ડોનેશન આપ્યું છે તેમણે વ્યક્તિનું કનર્ફમેશન આપવું અને જેમણે ડોનેશન નથી આપ્યુ એમણે કાર્યકર્તાઓનો સંપર્ક સાંધી ફંડફાળો આપી નામ લખાવવું. આપ સૌને સાથ સહકાર આપવા વિનંતી.

**હેમેન્દ્ર શાહ : ૯૮૨૦૦૧૧૫૮૬**

## જ્ઞાતિ ગૌરવ

Vidhi Pragnesh Kacharia has scored 72 % in the Final Exams (2012) of Physiotherapy.

## નવા ટેલિફોન નંબર

| | | |
|---|---|---|
| Mahendra Doshi | - | 98337 42511 |
| Mradula Doshi | - | 97690 18868 |

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| કિર્તિકુમાર નટવરલાલ દેસાઈ (દેડકી) | ૭૪ |
| ધારીઆ મુળજીભાઈ ચંદુલાલ (લાલખા) | ૧૦૨ |
| ધારીઆ દીનકરલાલ રમણલાલ (શહેરાવાલા) | ૭૬ |
| પરીખ બાલુબાલ ચંદુલાલ | ૮૯ |
| કોઠારી સુભદ્રાબેન કંચનલાલ | ૮૬ |
| બાબુલાલ ચંદુલાલ પરીખ (બાબુગોરી) | ૯૧ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**